માનસિક બિમારીમાંથી સારવાર લીધા બાદ સાજા થયેલા સ્ત્રીઓ/પુરુષો માટેના પુન:સ્થાપન ગૃહોમાંની હંગામી જગાઓની મુદ્દત વધારવા બાબત.

**ગુજરાત સરકાર**

**સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,**

ઠરાવ ક્રમાંક:-અપગ/૧૦૨૦૧૯/૨૫૭૫૧૦/છ.૧

સચિવાલય, ગાંધીનગર

તા.૨૪/૦૧/૨૦૨૨.

વંચાણે લીધા:-

(૧)સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો સરખા ક્રમાંકનો તા.૧૦/૧૦/૨૦૧૯નો ઠરાવ.

(૨) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો સરખા ક્રમાંકનો તા.૦૧/૦૨/૨૦૨૧નો ઠરાવ.

(૩)નિયામકશ્રી, સમાજ સુરક્ષા, ગાંધીનગરનો તા.૦૩/૦૧/૨૦૨૨નો પત્ર નં.મકમ/હંગામીજગ્યા/મુ.વ./૨૦૨૨/૨૪.

આમુખ-

વંચાણે લીધેલ ક્રમાંક (૧) પરના વિભાગના તા.૧૦/૧૦/૨૦૧૯ના ઠરાવથી માનસિક બિમારીમાંથી સારવાર લીધા બાદ સાજા થયેલા સ્ત્રીઓ/પુરુષો માટે રાજ્યમાં અમદાવાદ, ગાંધીનગર (ડભોડા-માત્ર મહિલાઓ માટે), રાજકોટ, ભુજ, સુરત, જામનગર અને વડોદરા ખાતે સરકારી ધોરણે પુન:સ્થાપન ગૃહ શરૂ કરવા અંગેની વર્ષ ૨૦૧૯-૨૦નાં અંદાજપત્રમાં મંજૂર રહેલ નવી બાબતની કુલ રૂ.૧૭૨.૯૨ લાખની જોગવાઇનો ખર્ચ કરવાની વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે, જેમાં કુલ-૧૨૬ હંગામી જગાઓ ઉભી કરાયેલ હતી. વંચાણે લીધેલ ક્રમાંક (૨) પરના વિભાગના તા.૦૧/૦૨/૨૦૨૧ ના ઠરાવથી કુલ ૧૨૬ હંગામી જગાઓમાંથી ભરાયેલ ૧૦૭ જગ્યાઓને તથા ૧ વર્ષથી ઓછા સમયથી ખાલી એવી ૧૯ જગાઓને ભરાયેલ હોવાની શરતે તા.૦૧/૦૩/૨૦૨૧ થી તા.૨૮/૦૨/૨૦૨૨ સુધી ચાલુ રાખવાની મંજૂરી આપવામાં આવેલ છે. આ કુલ ૧૨૬ જગાઓની મુદ્દત વધુ એક વર્ષ માટે તા.૦૧/૦૩/૨૦૨૨ થી તા.૨૮/૦૨/૨૦૨૩ સુધી વધારી આપવા બાબતની નિયામકશ્રી, સમાજ સુરક્ષા, ગાંધીનગરની વંચાણે લીધેલ ક્રમાંક (૩) પરના તા.૦૩/૦૧/૨૦૨૨ના પત્રથી કરવામાં આવેલ દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

— 2 —

ઠરાવ:-

પુખ્ત વિચારણાને અંતે નિયામકશ્રી, સમાજ સુરક્ષા, ગાંધીનગરના વંચાણે લીધેલા ક્રમાંક (૩) પરના તા.૧૧/૦૧/૨૦૨૧ ના પત્રથી કરવામાં આવેલ દરખાસ્તના અનુસંધાને માનસિક બિમારીમાંથી સારવાર લીધા બાદ સાજા થયેલા સ્ત્રીઓ/પુરુષો માટે રાજ્યમાં અમદાવાદ, ગાંધીનગર (ડભોડા-માત્ર મહિલાઓ માટે), રાજકોટ, ભુજ, સુરત, જામનગર અને વડોદરા ખાતે સરકારી ધોરણે પુન:સ્થાપન ગૃહોની નીચેના કોષ્ટકની વિગતે કુલ-૧૨૬ હંગામી જગાઓમાંથી ભરાયેલ ૧૨૪ જગાઓને તથા ૧ વર્ષથી ઓછા સમયથી ખાલી એવી ૦૨ જગાઓને ભરાયેલ હોવાની શરતે તા.૦૧/૦૩/૨૦૨૨ થી તા.૨૮/૦૨/૨૦૨૩ સુધી ચાલુ રાખવાની મંજૂરી આપવામાં આવે છે.

**સમાજ સુરક્ષા ખાતા હેઠળના માનસિક બિમારીમાંથી સારવાર લીધા બાદ સાજા થયેલા સ્ત્રીઓ/પુરૂષો માટે પુનઃસ્થાપન ગૃહો અમદાવાદ, ગાંધીનગર (ડભોડા-માત્ર મહિલાઓ માટે), રાજકોટ, ભુજ , સુરત , જામનગર , વડોદરાની હંગામી જગ્યાઓની વિગત દર્શાવતુ કોષ્ટક**

| ક્રમ | હંગામી જગ્યાનો હોદ્દો | વર્ગ | મંજૂર થયેલ જગ્યા | ભરાયેલ જગ્યા | ખાલીજગ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | | | | એક વર્ષથી નીચેની | એક વર્ષથી ત્રણ વર્ષ સુધીની | ત્રણ વર્ષથી ઉપરની |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| ૧ | અધિક્ષક/ઓફિસર ઇનચાર્જ | ૩ | ૭ | ૭ | - | - | - |
| ૨ | ગૃહમાતા/ગૃહપતિ | ૩ | ૧૪ | ૧૨ | ૦૨ | - | - |
| ૩ | સીની.કલાર્ક/એકાઉન્ટન્ટ | ૩ | ૦૭ | ૦૭ | - | - | - |
| ૪ | એટેન્ડન્ટ(આઉટસોર્સ) | ૪ | ૨૮ | ૨૮ | - | - | - |
| ૫ | રસોયા(આઉટસોર્સ) | ૪ | ૦૭ | ૦૭ | - | - | - |
| ૬ | મદદ.રસોયા(આઉટસોર્સ) | ૪ | ૦૭ | ૦૭ | - | - | - |
| ૭ | હાઉસ કીપર(આઉટસોર્સ) | ૪ | ૦૭ | ૦૭ | - | - | - |
| ૮ | ચોકીદાર(આઉટસોર્સ) | ૪ | ૧૪ | ૧૪ | - | - | - |
| ૯ | સ્વીપર(આઉટસોર્સ) | ૪ | ૧૪ | ૧૪ | - | - | - |
| ૧૦ | નર્સિંગ સ્ટાફ(કેરગીવર) | ૩ | ૦૭ | ૦૭ | - | - | - |
| ૧૧ | વીઝીટીંગ સાયકીયાટ્રીસ્ટ | ૨ | ૦૭ | ૦૭ | - | - | - |
| ૧૨ | વીઝીટીંગ મેડીકલ ઓફિસર | ૨ | ૦૭ | ૦૭ | - | - | - |
| | કુલ | | ૧૨૬ | ૧૨૪ | ૦૨ | - | - |

વંચાણે લીધેલ ક્રમાંક (૧) પરના સરખા ક્રમાંકના તા.૧૦/૧૦/૨૦૧૯ના ઠરાવની અન્ય શરતો/વિગતો યથાવત રહેશે.

આ મંજૂરી આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં સલાહકારશ્રી (સા.ન્યા.)ની તા.૨૦/૦૧/૨૦૨૨ તથા અધિક મુખ્ય સચિવશ્રી (સા.ન્યા.)ની તા.૨૧/૦૧/૨૦૨૨ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે આપવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

યુ.કે.પાઠક

( યુ. કે. પાઠક )

ઉપ સચિવ,

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- અધિક મુખ્ય સચિવશ્રી (સા.ન્યા.)ના અંગત મદદનીશ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, સમાજ સુરક્ષા, બ્લોક નં-૧૬, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી (સા.ન્યા), સચિવાલય, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ
- સર્વે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓ ( નિયામકશ્રી, સમાજ સુરક્ષા મારફત )
- છ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સિસ્ટમ મેનેજરશ્રી ,સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ તરફ વિભાગની વેબસાઇટ પર મુકવા સારું.
- શાખા સિલેક્ટ ફાઇલ.